| | |
|---|---|
| રજીસ્ટ્રેશન નંબર : | ૨૯૫૧૭ |
| તારીખ : | ૧૩-૧૨-૨૦૧૦ |
| અવેજ રૂા. | ૯૧,૩૫,૭૦૦-૦૦ |
| સ્ટેમ્પ રૂા. | ૪,૪૮,૦૦૦-૦૦ |

## -: વેચાણ દસ્તાવેજ :-

**મિલકતની વિગત**

જી.સુરત, તા.સુરતસીટી,
**મોજે ગામ ગોડાદરા**
બ્લોક નંબર : ૩૬
જુની શરતની ખેતીની જમીન
ક્ષેત્રફળ સુમારે ૧૩૦૫૧-૦૦ સ.ચો.મીટર

**-: વેચાણ લેનાર :-**

કિશોરભાઇ બાબુભાઇ ખેની

**-: વેચાણ આપનાર :-**

જયંતિભાઇ છગનભાઇ

**સુજીત જે. તણખીયા**
એડવોકેટ
ઓફીસ : ૪૦૧, લીબર્ટી ચેમ્બર્સ,
ઋષિકેશ-ત્રિવેણી એપાર્ટમેન્ટ સામે,
ટીમલીયાવાડ, નાનપુરા, સુરત.
☎ : ૯૮૯૮૦૦૫૦૫૮, ૯૩૨૮૮૦૫૦૫૮
Email : sujittanakhia@yahoo.in

**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

## Certificate of Stamp Duty

SRT /3/ NGM
20517 - 1/12
2010

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ14982389472925I |
| Certificate Issued Date | : | 09-Dec-2010 02:47 PM |
| Account Reference | : | SHCIL (FI)/ sh-sur01/ NANPURA/ GJ-SU |
| Unique Doc. Reference | : | SUBIN-GJSH-SUR01152629506210461 |
| Purchased by | : | KISHORBHAI BABUBHAI KHENI |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | BLOCK NO 36 OLD R S NO 26/2 T P NO 61(PARVAT-GODADARA) F P NO 86 GAM GODADARA TAL SURAT CITY, SURAT |
| Consideration Price (Rs.) | : | 91,35,700 (Ninety One Lakh Thirty Five Thousand Seven Hundred only) |
| First Party | : | KISHORBHAI BABUBHAI KHENI |
| Second Party | : | JAYANTIBHAI CHHAGANBHAI |
| Stamp Duty Paid By | : | KISHORBHAI BABUBHAI KHENI |
| Stamp Duty Amount(Rs.) | : | 4,48,000 (Four Lakh Forty Eight Thousand only) |

NOTARY
MAGANLAL M. TALAVIYA
REG. NO. NTR-576/2002
SURAT DISTRICT
GOVT. OF GUJARAT (INDIA)

ORIGINAL COPY

Statutory Alert:
1. The authenticity of the Stamp Certificate can be verified at Authorised Collection Centers (ACCs), SHCIL Offices and Sub-registrar Offices (SROs)
2. The Contact Details of ACCs, SHCIL Offices and SROs are available on the Web site "www.shcilestamp.com"

SRT - 3 - NGM
TOKEN NO 2
DATE 2010

13 DEC 2010

SRT /3/ NGM
20517 2/12
2010

SRT - 3 - NGM
TOKEN NO
DATE 10-12-10



# વેચાણ દસ્તાવેજ

## અવેજ રૂા ૯૧,૩૫,૭૦૦/-

SRT /3/ NGM

20517 ૭ /2

2010

(૩)

## ॥ વેચાણ દસ્તાવેજ ॥

## વેચાણ અવેજ રૂા.૯૧,૩૫,૭૦૦/- પુરાં

સંવત : ૨૦૬૭ નાં માગશર સુદ ત્રીજ ને વાર : ગુરુવાર, તારીખ : ૦૯ મી, માહે ડિસેમ્બર સને : ૨૦૧૦ નાં અંગ્રેજી દિને...

**વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર : પહેલા પક્ષના...**

કિશોરભાઈ બાબુભાઈ ખેની, જાતનાં : હિન્દુ, ઉ.આ.વ.૪૫, ધંધો : ખેતી તથા વેપાર, રહેવાસી : ૯-ડી, નિધિવન, પારલે પોઈન્ટ, સુરત.
(જેનો ઇન્કમટેક્ષ પાનકાર્ડ નં.ADGPK 2024 H છે.)

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો", "પહેલા પક્ષના", "વેચાણ લેનારા", "લખાવી લેનારા", "ખરીદનારા" એ રીતે સંબોધવામાં આવ્યા છે અને તેમાં આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનારા પહેલા પક્ષના પોતે તથા પહેલા પક્ષનાના વારસો, લીગલ રીપ્રેઝન્ટેટીવ, સક્સેસરો, ટ્રાન્સફરીઓ, એસાઇનીઝ, એકઝીક્યુટર્સ તથા હોદેદારો ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

જોગ લિ....

**વેચાણ દસ્તાવેજ લખી આપનારા : બીજા પક્ષના...**

જયંતિભાઈ છગનભાઈ, જાતનાં : હિન્દુ, ઉ.આ.વ.-૬૨-, ધંધો : ખેતી,
રહેવાસી : ૫/૮, B. દેવધ ગામ, તાલુકો - ચોર્યાસી, જીલ્લો - સુરત.

(જેનો ઈન્કમટેક્ષ પાનકાર્ડ નં. - BBHPP 2542 M

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "હમો", "બીજા પક્ષના", "વેચાણ આપનારા", "લખી આપનારા", "વેચનારા" એ રીતે સંબોધવામાં આવ્યા છે અને તેમાં આ વેચાણ દસ્તાવેજ લખી આપનારા બીજા પક્ષના પોતે તથા બીજા પક્ષનાના વારસો, લીગલ રીપ્રેઝન્ટેટીવ, સક્સેસરો, ટ્રાન્સફરીઓ, એસાઇનીઝ, એકઝીક્યુટર્સ તથા હોદેદારો ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

જત આથી હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે :-

નીચે પરિશિષ્ટમાં જણાવેલી વિગતની જમીન હમો બીજા પક્ષનાની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે. તેમજ રેવન્યુ રેકર્ડમાં પણ માલીક કબ્જેદાર તરીકે હમો બીજા પક્ષનાનાં નામો ચાલી આવેલા છે. સદર જમીન તે હેસીયતમાં હમો બીજા પક્ષનાઓ આ વેચાણ દસ્તાવેજથી તમો પહેલા પક્ષનાને વેચાણ આપીએ છીએ. જેનું સંપૂર્ણ વર્ણન અને વિગત નીચે પરિશિષ્ટમાં જણાવેલ છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહુ જમીન" તરીકે સંબોધવામાં આવેલ છે.

સદરહુ જમીન અંગે હમારી પ્રાપ્તિ અને વેચાણ દસ્તાવેજ કરી આપવાના હક્ક અને અધિકારની વિગત એવી છે કે, જીલ્લે સુરત, મુળ તાલુકા ચોર્યાસી હાલ તાલુકા સુરતસીટીમાં સમાવિષ્ટ મોજે ગામ ગોડાદરાનાં રેવન્યુ સરવે નં.૨૬/૨ વાળી જુની શરતની ખેતીની જમીન છત્રસીંહ બહાદુરસીંહની માલીકીની ચાલી આવેલી અને તેઓ કનેથી સદર જમીન છગનભાઈ વનમાળીભાઈએ તા.૧૭-૦૫-૧૯૭૨ નાં રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી અને જે વેચાણની નોંધ ગામ દફતરે એન્ટ્રી નં.૫૫૯ થી તા.૧૯-૦૬-૧૯૭૨ નાં રોજ પાડવામાં

જયંતિભાઈ છગનભાઈ પટેલ

SRT /3/ NGAS
20517 1/12
2010

(૫)

આવેલી અને સદર નોંધ તા.૨૪-૦૭-૧૯૭૨ નાં રોજ પ્રમાણીત થયેલી. ત્યારબાદ સદરહું જમીન તા.૧૬-૦૫-૧૯૭૨ નાં વહેંચણ લેખથી છગનભાઈ વનમાળીભાઈએ તેમના પુત્ર ધીરજભાઈ છગનભાઈને વહેંચણમાં આપતા તેની નોંધ ગામ દફતરે એન્ટ્રી નં.૫૬૦ થી તા.૧૯-૦૬-૧૯૭૨ નાં રોજ પાડવામાં આવેલી અને સદર નોંધ તા.૨૪-૦૭-૧૯૭૨ નાં રોજ પ્રમાણીત થયેલી. મોજે ગોડાદરા ગામની તમામ જમીનોને એકત્રીકરણ યોજના હેઠળ આવરી લેવામાં આવેલી અને તે અન્વયે રેવન્યુ સરવે નં.૨૬/૨ વાળી જમીનને બ્લોક નં.૩૬ આપવામાં આવેલો અને જેની નોંધ ગામ દફતરે એન્ટ્રી નં.૮૫૩ થી તા.૨૦-૧૨-૧૯૮૩ નાં રોજ પાડવામાં આવેલી અને સદર નોંધ પ્રમાણીત થયેલી. ત્યારબાદ સદર જમીન તથા કુટુંબની અન્ય જમીનો બાબત ધીરજભાઈ છગનભાઈ તથા જયંતિભાઈ છગનભાઈ વચ્ચે પરસ્પર ફેરબદલી થતા સદર બ્લોક નં.૩૬ વાળી જમીન જયંતિભાઈ છગનભાઈનાં હીસ્સે આવેલી હોવાથી ધીરજભાઈ છગનભાઈનાં નામની જગ્યાએ જયંતિભાઈ છગનભાઈનું નામ માલીકી હકકે ગામ દફતરે એન્ટ્રી નં.૮૯૪ થી તા.૧૫-૦૪-૧૯૮૬ નાં રોજ દાખલ થયેલુ અને સદર એન્ટ્રી તા.૨૮-૦૫-૧૯૮૭ નાં રોજ પ્રમાણીત થયેલી. આ રીતે સદર વેચાણ આપેલી જમીનનાં હમો બીજા પક્ષના માલીક કબજેદાર થયેલા છીએ અને ચાલી આવેલા છીએ અને તેવા હકકની રૂએ સદર જમીનની હમો બીજા પક્ષનાને કોઈપણ જાતની વ્યવસ્થા કરવા હકક હોય તેની રૂએ સદર જમીન આ વેચાણ દસ્તાવેજથી હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને માલીકી હકકે વેચાણ આપેલ છે સહી.

સદરહુ નીચે વિગતે જણાવેલી જમીન હમો બીજા પક્ષનાંએ તમો પહેલા પક્ષનાંને રૂા.૯૧,૩૫,૭૦૦/- અંકે રૂપિયા એકાણુ લાખ પાંત્રીસ હજાર સાતસો પુરામાં વેચાણ આપેલ છે. જે વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને નીચેની વિગતે ચુકવી આપેલ છે. અને સદર જમીનનાં વેચાણ અવેજનાં પુરેપુરા નાણાં એટલે કે પુરેપુરા અવેજની રકમ હમો બીજા પક્ષનાને તમો પહેલા પક્ષના તરફથી ચુકતે મળી ગયેલ છે અને તેથી હમો બીજા પક્ષનાએ મજકુર નીચે જણાવેલી વિગતની જમીન આ વેચાણ દસ્તાવેજથી તમો પહેલા પક્ષનાંને વેચાણ આપી છે. વળી વેચાણ કિંમત અગર અવેજની કોઈ રકમ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાં કનેથી લેવાની બાકી રહેતી નથી. જેથી ભવિષ્યમાં એવી કોઈ તકરાર-તકરાર થાય તો તે આથી રદબાતલ ગણાય સહી તેવી લેખીત ખાત્રી અને બાંહેધરી સહીત વેચાણનો પુરેપુરો અવેજ ચુકતે થયા બદલની કબુલાત પણ હમો બીજા પક્ષના આથી લખી આપીએ છીએ.

<u>પહેલા પક્ષનાએ ચુકવેલ રકમની વિગત</u>

| વિગત | ચેક નંબર | તારીખ | રકમ(રૂા.) |
|---|---|---|---|
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા | ૮૩૬૮૫૮ | ૧૬-૧૦-૨૦૧૦ | ૨૦,૫૫,૫૩૨/- |
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા | ૮૩૬૮૫૯ | ૧૬-૧૦-૨૦૧૦ | ૨૦,૫૫,૫૩૩/- |
| સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા | ૮૩૬૮૬૮ | ૧૬-૧૦-૨૦૧૦ | ૧૨,૦૦,૦૦૦/- |
| ટુકડે ટુકડે રોકડા | --- | --- | ૩૮,૨૪,૬૩૫/- |
| | | કુલ્લે રકમ(રૂા.) | ૯૧,૩૫,૭૦૦/- |

સદરહું જમીન હમો બીજા પક્ષનાએ આ અગાઉ અન્ય કોઈ શખ્સ યા સંસ્થાને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય પ્રકારે તબદીલ કરેલ નથી કે લખી આપેલ નથી તેમજ હમો બીજા પક્ષના સિવાય સદરહું જમીન અંગે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો ભાગભાગ, હકક, હીસ્સો, હીત, સંબંધ કે દરદાવો નથી. સદરહું જમીન કોઈના ચાર્જ કે બોજામાં નથી કે અવલ જમીમાં કે ટાંચમાં નથી. સદરહું જમીન ઈકવીટેબલ મોર્ગેજમાં પણ લખી આપી નથી. ઉપરાંત તે અંગે કોઈ દાવાદુવી કે અન્ય પ્રકરણ થયેલ નથી કે ચાલુ નથી કે કોઈ પ્રકારે સંડોવાયેલી નથી સદરહું જમીન બાબત

જયંતિભાઈ છગનભાઈ પટેલ [signature]

SRT /3/ NGM
20517 - 5/2
2010

કોઈપણ જાતની એકવીઝીશનની યા રીઝર્વેશનની કાર્યવાહી થયેલી નથી કે એવી કોઈ નોટીસ પણ હમો બીજા પક્ષનાને મળેલ નથી. વળી તેના ઉપર કે તેને લગતા કોઈના કોઈપણ જાતનાં હવા-ઉજાસના યા રસ્તાના યા ઈઝમેન્ટનાં યા અન્ય પ્રકારના હકકો નથી. એટલે કે સદરહું જમીન હરેક પ્રકારે નકરજી, નબોજી, નજોખમી અને ચોખ્ખા તેમજ માર્કેટેબલ ટાઈટલવાળી છે તે તમામ બાબતોની હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ આપીને વેચાણ આપીએ છીએ. આમ છતાં હવે પછીથી સદરહું જમીન અંગે હમો બીજા પક્ષના કે હમારા તરફે ભવિષ્યમાં કોઈ ગીરોદાર, હિસ્સેદાર, દાવેદાર, હકકદાર, વાલી, વારસો વિગેરે હરકોઈ પેદા થઈ તમો પહેલા પક્ષના યા તમારા વંશવાલી, વારસો ઉપર દરદાવો યા હકક, હિત કરે તો તેવો દાવો આ લેખથી રદ થાય સહી અને તેનો જવાબ હમો બીજા પક્ષના અગર હમારા વંશવાલી વારસોએ હમારા પોતાના ખર્ચે આપવો સહી. અને કોર્ટના તમામ જાતના ખર્ચ નુકશાની સાથે હરકત દુર કરી આપવી સહી. હવેથી સદરહું જમીન ઉપર અગર તે અંગે હમો બીજા પક્ષનાનો અગર હમારા વંશવાલી, વારસો વિગેરેનો કોઈપણ જાતનો માલીકીપણાનો હકક, હિત, સંબંધ, દરદાવો રહયા નથી કે રાખવામાં આવ્યા નથી. એટલે તમો પહેલા પક્ષના અને તમારા વંશવાલી, વારસો અગર સકસેસરો સદરહું જમીન યાવતચંદ્ર દિવાકરો માલીક તરીકે વહીવટ, ઉપભોગ, વ્યવસ્થા કરવા માલીક, મુખત્યાર થાય છો. જેથી હવેથી તમો પહેલા પક્ષના સદરહું જમીનમાં ખેતી કરો-કરાવો, વેચાણ કરો અગર તેની હરકોઈ પ્રકારે વ્યવસ્થા કરવા, તબદીલી કરવા, વહીવટ કરવા, ઉપભોગ કરવા તથા ઉપજ લેવા હકકદાર થયા છો સહી. અને તે અંગે હવે પછી હમો બીજા પક્ષના અગર હમારા વંશવાલી, વારસોએ કોઈપણ જાતની તર-તકરાર, હરકત, અંતરાય કરવા-કરાવવાની નથી અને તેમ છતાં જો કરીએ તો તે આથી રદબાતલ થાય સહી.

સદરહું જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો તમો પહેલા પક્ષનાને માલીક તરીકે આથી સ્થળ ઉપર આજરોજ હમો બીજા પક્ષનાંએ સુપ્રત કર્યો છે એટલે તમો પહેલા પક્ષના માલીક તરીકે સદરહું જમીનનાં સ્વતંત્ર અને પ્રત્યક્ષ કબજા ભોગવટાદાર થયા છો, તેની હમો બીજા પક્ષના આથી લેખીત કબુલાત સ્વીકારીએ છીએ. જેથી હવે પછી હમો બીજા પક્ષના અગર હમારા વંશવાલી, વારસોએ સદર જમીનનાં કબજાહકક બાબત પણ કોઈપણ જાતની તર-તકરાર, હરકત, અંતરાય કરવા-કરાવવાની નથી અને તેમ છતાં જો કરીએ તો તે આથી રદબાતલ થાય સહી.

સદરહું જમીન અંગેના આજદિન સુધીના તમામ મહેસુલ, સેશ, શિક્ષણ ઉપકર અગર સરકારી ભરણું કોઈ બાકી પડતું નથી. સદરહું જમીનને લગતી આજદિન સુધીની તેવી તમામ રકમ ભરપાઈ કરવાની જવાબદારી હમો બીજા પક્ષનાની છે અને તેવી તમામ રકમો હમો બીજા પક્ષનાએ ભરપાઈ કરી દીધેલા છે, તેમ છતાં તેવી કોઈ રકમો તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવી પડે તો તે તમામ હમો બીજા પક્ષના પાસેથી તમો પહેલા પક્ષના વસુલ કરી શકો સહી. હવે પછીના સમયની સદરહું જમીનને લગતી તેવી તમામ રકમો ભરપાઈ કરવાની જવાબદારી તમો પહેલા પક્ષનાની છે સહી.

મોજે ગોડાદરાનાં બ્લોક નં.૩૬ વાળી જમીનને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ-ગોડાદરા) લાગુ પડતા તે અન્વયે ફાઈનલ પ્લોટ નં.૮૬ આપવામાં આવેલ છે. ભવિષ્યમાં ટી.પી.સ્કીમ ફાઈનલ થતા સદર જમીન બાબત જે લાભાલાભ પ્રાપ્ત થાય તે મેળવવા ફકત તમો પહેલા પક્ષના જ હકકદાર છો અને રહેશો સહી અને તે અંગે હમો બીજા પક્ષનાએ યા હમારા તરફે કોઈપણ શખ્સે કોઈપણ જાતની તર-તકરાર, વાંધા-વચકા-યા દરદાવા કરવા-કરાવવાનાં રહેશે નહી અને તેમ છતાં જો કરવામાં આવે તો તે આથી રદબાતલ ગણાશે સહી.

સદરહું વેચાણ આપેલ જમીન બાબત સરકારી યા અર્ધસરકારી દફતરે યા રેવન્યુ રેકર્ડમાં માલીક કબજેદાર તરીકે હમો બીજા પક્ષનાનું નામ ચાલી આવેલ છે અને આથી હમારી સહી, સંમતી, કબુલાત ગણી આ વેચાણ દસ્તાવેજની રૂએ તમો પહેલા પક્ષના સદરહું જમીન સંબંધીત

કશાંતિ બ્રાઈ લાલજી ભાઈ પટેલ [signature]

SRT /3/ NGM
20517 - 6/12
2010

(6)

રેવન્યુ દફતરે, સરકારી કે લોકલ બોર્ડના દફતરેથી હમો બીજા પક્ષનાનું નામ કમી કરાવી તમો પહેલા પક્ષના તમારા પોતાને નામે દાખલ કરાવવા હકકદાર રહેશો અને તેમાં હમો બીજા પક્ષનાની સહી, સંમતિ કે કબુલાતની જરૂર પડે તો તે હમો બીજા પક્ષનાએ આપવાની રહેશે સહી. તથા જમીન મહેસુલ કાયદાની કલમ-૧૩૫(ડી) અન્વયેની નોટીશ હમોને બજે તે સમયે પણ હમારે કોઈપણ જાતનો વાંધો યા તકરાર લેવાની રહેશે નહી અને જો કરીએ તો તે આથી રદબાતલ થાય સહી.

સદરહું જમીન જુની શરતની ખેતીની જમીન હોય તેમજ વેચાણ આપનારા તથા વેચાણ લેનારાનો આદિજાતિમાં સમાવેશ થતો ન હોય એટલે કે ઉજળીયાત વર્ગનાં હોય, તેમજ વેચાણ લેનાર ગુજરાત રાજયમાં ખેતીની જમીન ધારણ કરતા હોય, જેથી આ વેચાણ દસ્તાવેજ અંગે કાયદાનો કોઈ બાધ નડતો નથી.

સદરહું જમીન હમો બીજા પક્ષનાંએ તમો પહેલા પક્ષનાંને રૂા.૯૧,૩૫,૭૦૦/- પુરામાં વેચાણ આપેલ છે અને સદર દસ્તાવેજ સરકારશ્રીનાં પ્રવર્તમાન કાયદા મુજબ ૪.૯૦ % રૂા.૪,૪૮,૦૦૦/- પુરાનો જનરલ સ્ટેમ્પ વાપરી આ વેચાણ દસ્તાવેજ કર્યો છે. આ વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ (જેવો કે સ્ટાંપ ફી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી વિગેરે) પહેલા પક્ષનાંએ યાને ખરીદનારે ભોગવેલ છે.

## <u>પરિશિષ્ટ</u>

## -:: વેચાણ આપેલ જમીનની વિગત ::-

સુરત : ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ : સુરતસીટીનાં મોજે ગામ : ગોડાદરાનાં બ્લોક નં.૩૬જેનો રે.સરવે નં.૨૬/૨ (૭ અને ૧૨ નાં રેકર્ડ મુજબ) ની સુમારે હેકટર-આરે-ચો.મી. ૧-૩૦-૫૧ યાને ૧૩૦૫૧-૦૦ સમચોરસમીટરનાં ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન તેમાં આવેલ ઝાડબીડ વિગેરે સહીત તથા લાગતા વળગતા તમામ હકકો સહીત. સદર જમીનનો આકાર રૂા.૧૮-૩૭ પૈસા છે. જેને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવટ-ગોડાદરા) લાગુ પડતા તે અન્વયે ફાઈનલ પ્લોટ નં.૮૬ આપવામાં આવેલ છે.

સદર જમીનની ચર્તુદિશા નીચે મુજબ છે.
ઉત્તરે :- ફાઈનલ પ્લોટ નં.૮૫/બી વાળી જમીન.
દક્ષીણે :- કોમ્યુનીટી હોલની જમીન.
પુરવે :- ટી.પી.નો સરીયામ રસ્તો.
પશ્ચિમે :- બ્લોક નં.૩૭ યાને ફાઈનલ પ્લોટ નં.૮૭ ની જમીન.

એવી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ હમારી રાજીખુશીથી તથા અકકલ હોશીયારીથી, વાંચી, વંચાવી, સમજી, વિચારી, સાંભળી, કોઈના કોઈપણ જાતના દાબ-દબાણ કે ધાક-ધમકી વિના તન અને મનની સંપૂર્ણ સ્વસ્થ અને સાવધ અવસ્થામાં, બિનકેફ

જશવંતભાઈ હરજીભાઈ પટેલ

હાલતમાં, સ્વેચ્છાએ લખી આપેલ છે. જે અમો બીજા પક્ષનાને તથા અમારા વંશવાલી, વારસોને તમામ પ્રકારે કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી, થાય સહી અને રહેશે સહી.

<u>બીજા પક્ષનાં યાને વેચનારની સહી</u> :-

[illegible]

SRT /3/ NGM
20517 - 7/12
2010

<u>સાક્ષીની સહી</u> :-

નામ :- જાદવ જગદીશ ભારમલભાઈ

સરનામુ :- [illegible] તા. [illegible]
પાટણ

જગદીશ જાદવ

<u>સાક્ષીની સહી</u> :-

નામ :- રાઠોડ મુકેશ શંકરભાઈ


સરનામુ :- 1૯૨, [illegible]
[illegible]
સુરત.

MUKesh Rathod

205177 8/12

2010

## (૯) મીલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ



જમીનનું પોસ્ટલ સરનામુ :- બ્લોક નં.૩૬, ગામ ગોડાદરા, તાલુકા સુરતસીટી, જીલ્લે સુરત.


વેચનાર યાને બીજા પક્ષનાની સહી :-

ખરીદનાર યાને પહેલા પક્ષનાની સહી :-

નોંધણી અધિનિયમની કલમ-૩૨(એ) મુજબ ફરજિયાત પક્ષકારોનાં ફોટા લગાવી સહી તથા ડાબા હાથનાં અંગુઠાની છાપ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી....

---

<u>વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચનાર યાને બીજા પક્ષના...</u>



જયંતિભાઈ પટેલ

(ડાબા હાથના અંગુઠાનું નિશાન)

જયંતિભાઈ છગનભાઈ પટેલ

(જયંતિભાઈ છગનભાઈ)

<u>વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને ખરીદનાર યાને પહેલા પક્ષના...</u>



SRT /3/ NGM
20 517 9/12
2010

(ડાબા હાથના અંગુઠાનું નિશાન)



(કિશોરભાઈ બાબુભાઈ ખેની)

13/12/2010 12:30:16 PM : Ver-2.2.6

અનુક્રમ નંબર ૨૦૫૧૭
સને ૨૦૧૦ ના ડીસેમ્બર માસની
૧૩ મી તારીખે ૧૨.૦૦ થી ૧.૦૦
વાગ્યાની વચ્ચે સુરત-૩ (નવાગામ) સબ
રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.

| | | |
|---|---|---|
| પહોંચ નંબર :- | ૨૦૧૦૦૨૦૦૩૪૭૮૯ | |
| ફી પહોંચી છે તે | | રૂ. પૈસા. |
| નોંધવાની ફી :- | | ૬૧૩૫૦ |
| ફોટો ફી પાનના( ૧૪ ):- | | ૧૫૦ |
| ટપાલ :- | | ૦ |
| એકંદરે કુલ :- | | ૬૧૫૦૦ |

( અંકે રૂપિયા એકસઠ હજાર પાંચસો પુરા.)



જયંતિલાલ છગનભાઈ પટેલ

જયંતિભાઈ છગનભાઈ

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

SUB REGISTRAR NAVAGAM SURAT DISTRICT GUJARAT



| અનુ. નં. | પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | અં.નિ.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| | લખી આપનાર | | | | |
| ૦૧ | જયંતિભાઈ છગનભાઈ (ખેતી) રહે. દેલી, દેવધ ગામ, તા. ચોર્યાસી, સુરત. પાન નં. BBHPP 2542 M | ૫૧ |  |  | જયંતિલાલ છગનભાઈ પટેલ |

દસ્તાવેજ લખી આપનાર
આ દસ્તાવેજ લખી
આપ્યાનું કબુલ કરે છે.

જયંતિલાલ છગનભાઈ પટેલ

SRT /3/ NGM
20517 - 10/12
2010

૧_વિરલ એચ. પટેલ (વકીલ ના કાર્લક)
વરાછા રોડ, સુરત.

| |
|---|
| જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે. |

૧. ____________________

તારીખ ૧૩ માહે ડીસેમ્બર - ૨૦૧૦

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

| |
|---|
| બજાર કિંમત નક્કી કરવા અંગેનું ફોર્મ નં.૧ રજુ થયેલ છે. તા. ૧૩/૧૨/૨૦૧૦ |

SRT /3/ NGM
20517 : 11/12
2010

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

| |
|---|
| આ સાથે લેનાર, આપનાર તથા ઓળખાણ આપનાર ના નિયત કરેલ પુરાવા મળેલ છે જેની ખરાઇ કરી રેકર્ડ મા સામેલ કરેલ છે. તારીખ: ૧૩/૧૨/૨૦૧૦ |

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

ઈન્કમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ની જોગવાઈ મુજબ
(૧) પાન નં./ઇ.જ.૨ નંબર
દર્શાવેલ છે. જેની ખરાઈ કરવામાં આવેલ છે.

આપનાર નંબર.
લેનાર નંબર.
સંમતી આપનાર નંબર. ૪

તારીખ: ૧૩/૧૨/૨૦૧૦

SRT /3/ NGM
20517 = 12/12
2010

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

૧ નંબરની બુકના ૨૦૫૧૭ નંબરે નોંધ્યો
તારીખ : ૧૩/૧૨/૨૦૧૦

( જી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-3 (NAVAGAM)

NOTARY MAGANLAL M. TALAVIYA REG NO. ...5782002 GOVT. OF GUJARAT (INDIA)

TRUE copy
M. M. Talaviya
NOTARY
SURAT DISTRICT
State of Gujarat

પહોંચ નંબર: ૨૦૧૦૦૨૦૦૩૪૭૮૯ | દસ્તાવેજ નંબર: ૨૦૫૧૭ | દસ્તાવેજ વર્ષ: ૨૦૧૦

તા. ૧૩ માહે: ૧૨ સને ૨૦૧૦

દસ્તાવેજનો પ્રકાર માલિકી ફેરબદલ/વેચાણ

રજુ કરનારનું નામ જયંતિભાઈ છગનભાઈ

અવેજ રૂ.૬૧૩૪૭૦૦.૦૦

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવાની ફી ફાઈલ/કોલીઓ | ૬૧૩૫૦ |
| ફોલીઓની નકલ કરવા માટે ફી | ૧૫૦ |
| ટપાલ ખર્ચ | ૦ |
| નકલો અથવા યાદીઓ (કલમો ૬૪ થી ૬૭) | ૦ |
| શોધ અગર તપાસણી | ૦ |
| ૮૬ કલમ-૨૫ | ૦ |
| કલમ-૩૪ (કલમ-૫૭) | ૦ |
| નકલ ફી ફોલીઓ | ૦ |
| ઇન્ડેક્ષ-૨ ફી | ૦ |
| આ સિવાયની બાબતોની ફી | ૦ |
| કુલ એકંદરે રૂ. | ૬૧૫૦૦ |

( અંકે રૂપિયા એકસઠ હજાર પાંચસો પુરા. )

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-3

દસ્તાવેજ ---- ના દિવસે તૈયાર થશે અને ---- તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---- આવશે.

નકલ ---- કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે
૫/૮બી, દેવધ ગામ,
તા.ચોર્યાસી, સુરત.

અગર ---- ને આપશો.

( બી. આર. પટેલ )
સબ રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)
બે બ્લોક, ચોથા માળે, બહુમાળી મકાન
નાનપુરા, સુરત.
પીન. કોડ:-૩૯૫૦૦૧.

રજુ કરનારની સહી

જયંતિભાઈ છગનભાઈ પટેલ

IGR - NIC 68862112363929984 UID-30: Ver-2.2.6 13/12/2010 12:26:23 PM

TRUE COPY
M M Italiya
NOTARY
SURAT DISTRICT
State of Gujarat

## અનુક્રમણિકા નંબર - ૨

સબ-રજીસ્ટ્રાર કચેરી, સુરત-૩ (નવાગામ)

ગામનુ નામ - ગોડાદરા

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટ્ટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે લેનાર આપે છે તે જણાવવું) | સરવે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઇ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | તારીખ | | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | સહીની | નોંધણીની | | |
| માલિકી ફેરબદલ/વેચાણ<br><br>રૂ.૮૧૩૫૭૦૦૦૦૦ | ૧. Agriculture (Opan Land Farm )<br>રે.સ.નં. ૨૬/૨ બ્લોક નં. ૩૬<br>ડ્રા.ટી.પી.નં. ૬૧ (પરવટ-ગોડાદરા) એફ.પી.નં. ૮૬<br>જે ૭ અને ૧૨ નાં રેકર્ડ મુજબ સુમારે હે.આરે.ચો.મી.<br>૧-૩૦-૫૧ પાને<br>ક્ષેત્રફળ ૧૩૦૫૧ ચો.મી. જુની સુરતની ખેતીની જમીન | | | જ્યંતિભાઈ છગનભાઈ | [illegible]ભાઈ ખેની | ૧૩/૧૨/૨૦૧૦ | ૧૩/૧૨/૨૦૧૦ | ૨૦૫૧૩ | |

SEAL OF THE SUB REGISTRAR

NOTARY
GOVT. OF GUJARAT (INDIA)
REG. NO. NTR/5/8/2[illegible]

TWENTY RUPEES
TWENTY RUPEES
TWENTY RUPEES
TWENTY RUPEES
TWENTY RUPEES

મુકાબલા કરનાર INDEX૨-CLERK

ખરી નકલ

TRUE COPY
M M [illegible]
NOTARY
S ... DISTRICT
State of Gujarat

વિરલ એચ. પટેલ ની તારીખ: ૧૩/૧૨/૨૦૧૦ ના રોજની
અરજી નંબર : ૧૫૩૪૫ ઉપરથી નકલ આપી
પહોંચ નંબર: ૨૦૧૦૦૨૦૦૩૪૬૩૯
તારીખ: ૧૫/૧૨/૨૦૧૦ ૧૨:૫૫:૪૬ PM

સબ-રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

સબ-રજીસ્ટ્રાર
સુરત-૩ (નવાગામ)

નોંધ : કોમ્પ્યુટર પ્રિન્ટમાં કોઇ પણ રીતે કરેલ સુધારો માન્ય ગણાશે નહીં.
Ver - 2.2.6